ગુજરાત અનુસુચિત જાતિ વિકાસ નિગમ, ગાંધીનગરને વર્ષ:૨૦૧૬-૧૭ અને વર્ષ:૨૦૧૭-૧૮માં રાજ્ય સરકાર દ્વારા સીધા ધીરાણની યોજનાઓ માટે ફાળવેલ રકમ સામે બચત રહેવા પામેલ રકમ સામે રીવાઈઝ્ડ યુનીટ કોસ્ટ સાથેની યોજનાને મંજૂરી આપવા બાબત...

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક:-અવક/૧૫૨૦૧૬/૧૦૫૧૩૧(પા.ફાઈલ)/જ,
સચિવાલય, ગાંધીનગર.
તા:-૨૪/03/૨૦૨૧.

<u>વંચાણમાં લીધા:-</u>

૧. આ વિભાગના તા:૨૦/૦૨/૨૦૧૭ અને તા:૧૬/૦૫/૨૦૧૭ના સરખા ક્રમાંકના ઠરાવો.
૨. ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ, ગાંધીનગરનો તા:૨૪/૦૭/૨૦૨૦નો પત્ર ક્રમાંક:અવિકો/યોજના/૨૦૧૯-૨૦/૯૨૫૦.

<u>આમુખ:-</u>

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગાંધીનગરના વંચાણે લીધેલ ક્રમાંક:૦૧ પરના તા:૨૦/૦૨/૨૦૧૭ અને તા:૧૬/૦૫/૨૦૧૭ના ઠરાવોથી અનુક્રમે વર્ષ:૨૦૧૬-૧૭માં રૂ.૭૯૯.૨૦ લાખ અને ૨૦૧૭-૧૮માં રૂ.૯૯૯.00 લાખની એમ કુલ રૂ.૧૭૯૮.૨૦ લાખની યોજનાઓની મંજૂરી આપવામાં આવેલ હતી.

વંચાણે લીધેલ ક્રમાંક:૦૨ પરના ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમના તા:૨૪/૦૭/૨૦૨૦ના પત્રથી વર્ષ:૨૦૧૬-૧૭ અને ૨૦૧૭-૧૮માં મંજૂર કરવામાં આવેલ યોજનાઓની અમલીકરણ કરતાં કુલ રૂ.૩૭૮.૭૬ લાખની બચત રકમ રહેવા પામેલ હોવાનું જણાવી, ઉક્ત બચત રકમની સામે થ્રી – વ્હીલર(ઓટોરીક્ષા/લોડીંગ રીક્ષા)ની યોજના રૂ.૨,૨૫,000/-ના યુનિટ કોસ્ટ મુજબ મંજૂર કરવા દરખાસ્ત અત્રે મોકલી આપેલ છે.

ઠરાવ:-

ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ, ગાંધીનગરની ઉક્ત દરખાસ્ત પરત્વે પુખ્ત વિચારણાની અંતે વર્ષ:૨૦૧૬-૧૭ અને ૨૦૧૭-૧૮માં બચત રહેવા પામેલ રૂ.૩૭૮.૭૬ લાખની રકમ સામે નીચે મુજબની યોજનાને આથી મંજુરી આપવામાં આવે છે:-

| ક્રમ | યોજનાનું નામ | યુનિટ/કોસ્ટ (રૂ.) | કુલ રકમ |
|---|---|---|---|
| ૧ | થ્રી - વ્હીલર (ઓટોરીક્ષા/લોડીંગ રીક્ષા) | ૨,૨૫,૦૦૦/- | ૩૭૮.૭૬ લાખ |

૨. આ વિભાગના તા:૨૦/૦૨/૨૦૧૭ અને તા:૧૬/૦૫/૨૦૧૭ના ઠરાવોની અન્ય શરતો યથાવત રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા.)ની તા:૧૭/૦૩/૨૦૨૧ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(દિગ્વિજયસિંહ કુંપાવત)
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન. મંત્રીશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- નાણાં સલાહકારશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

- મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત અનુસુચિત જાતિ વિકાસ નિગમ,૧૦/૨, ડૉ. જીવરાજ મહેતાભવન,ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/ રાજકોટ.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી(કોમ્પ્યુટર સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર. ઉકત ઠરાવ વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવા વિનંતી સહ.
- પસંદગી ફાઇલ - ૨૦૨૧.